હિન્દી જ્ઞાન વધારે પાકું કરી શકે અને રાષ્ટ્રીય હિન્દી ભાષા સુકાતા સામાન્ય વિચારો સમજી લેવાની શક્તિ કેળવે. એ જ રીતે આ પુસ્તકમાંના હિન્દી લેખો વાંચનાર હિન્દી ભાઈઓ પણ ગુજરાતી ભાષામાં લખાયેલા લેખો વાંચવા લલચાશે અને તેમનો ગુજરાતી તરફ આદર વધશે એ દૃષ્ટિથી ગુજરાતી અને હિન્દી લેખો એક પુસ્તકમાં સાથે સાથે પ્રસિદ્ધ કર્યા છે. આ પુસ્તકમાં છપાતા લેખો લેખકોના નામોની અહીં પુનરુક્તિ નથી કરતા. કારણ કે તે લેખ નીચે એમના નામ આપેલા છે અહીં તો તે બધાનો એક જ આભાર માનવાનું જ [illegible] જેઓએ ભાષણ આપ્યાં અને તેમના [illegible] નથી શક્યા તેમ પણ અમે આભાર માનીએ [illegible]

વિચારના [illegible] દિવસે [illegible] વ્યાપક થ તેમજ લેખના [illegible] વ્યાખ્યા માગાનું પ્રથમ [illegible] અને અમા [illegible] એ [illegible] જ [illegible] એટલું જ [illegible] છે અને [illegible] અમ પોતાની [illegible] એની [illegible] અને [illegible] અધિકારી [illegible] અને [illegible] તેમની વિદ્યા અને [illegible] દિન [illegible]

[illegible]

મને સર્વદા બંનેની આવી છે. પણ વળી જ્યારે નવી પ્રવૃત્તિ ફળદાયક સિદ્ધ થઈ પગભર થાય છે ત્યારે પ્રથમ કરનાર પોતે જ અથવા તેમના ાંશજો એ નવી પ્રવૃત્તિને પૂરા બળથી પોષે છે. વ્યાખ્યાનમાળાની ાવી પ્રવૃત્તિની બાબતમાં પણ કોઈ રૂઢીચુસ્ત ભાઇઓને ધર્મનાશ દેખાય, બીક લાગે એ તદ્દન સ્વાભાવિક છે. એવા પુરાણપ્રિય ભાઈઓનું અસ્તિત્વ જ એક રીતે નવીન પ્રથાની યોગ્યતા અને તેની સચેતનતાની કસોટી બને છે. જો જૂની પ્રથાના પ્રેમીઓ નવી પ્રથાનો વિરોધ ન કરે તેમજ ખામીઓ ન બતાવે તો નવી પ્રથા શરૂ કરનાર બેપરવાહથી પોતાનું વહાણુ ગમે તે દિશામાં અને ફાવે તે રીતે હંકારે જાય, જે તેમને માટે અને તેમની પાછળ ચાલનારાઓને માટે ભયરૂપ જ સિદ્ધ થાય. તેથી નવી પ્રથા શરૂ કરનાર જો ધીરજવાન તેમજ વિચારવાન હોય તો તેણે પુરાણપ્રથા પ્રેમીઓના વિરોધને આવકારવો જોઇએ અને તેને આશીર્વાદસમ લેખવો જોઇએ. તેણે માનવું જોઈએ કે જો મારી પ્રવૃત્તિમાં તત્ત્વ નહિ હોય તો તે જલદી નાશ થવાને યોગ્ય છે એટલે એ નાશમાં સામાનો વિરોધ સહાયક હોવાથી તેણે એ વિરોધને સત્કારવો જોઈએ. વળી જો પ્રવૃત્તિમાં તત્ત્વ હશે તો એ તત્ત્વ સામાના વિરોધદ્વારા વધારે કસાઇ લોકોની નજરે ચડશે અને ત્યારે કિંમત અંકાશે. એટલે એ દષ્ટિએ પણ સામાનો વિરોધ બહુ કિંમતી છે.

જે થોડા ભાઈઓને એમ લાગતું હોય કે દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વોનો આ વ્યાખ્યાનમાળાથી લોપ થઈ રહ્યો છે, એને અમે અહીં ટુંકમાં એક જ દલીલ આપવા ઇચ્છીએ છીએ અને તે જૈન પ્રસિદ્ધ સૂત્ર "उत्पादव्ययध्रुवयुक्तं सत्"ની. વીતરાગ દેવ, વીતરાગત્વનો સાધક ગુરુ અને વીતરાગત્વની સાધનારૂપ ધર્મ એ ત્રણ તત્ત્વ સત્તારૂપે ધ્રુવ છે એનો લોપ કે નાશ મહાપ્રલય પણ કરી ન શકે. એનાં બાહ્યરૂપો જે ઉત્પાદ અને વ્યયરૂપ છે તેને કોઈ અમરપટ્ટો

પણ શાશ્વત ન બનાવી શકે. એ તો ઉત્પત્તિ અને નાશના ચક્રમાં ફરવાના જ. ત્યારે કરવાનું કંઈ બાબતમાં ? હા. એમ કહી શકાય કે જે બાહ્યરૂપે ઇષ્ટ અને ઇષ્ટતર હોય તેના સ્થળમાં અનિષ્ટ બાહ્ય રૂપો રખે દાખલ થઈ જાય એ જ ભય છે. પણ આ કથન વિચારની કસોટીમાં ટકી નથી શકતું. કારણ કે પ્રચલિત પુરાતન પ્રથામાં જ બધું ઇષ્ટ અને ઇષ્ટતર છે તેમજ નવીન પ્રથામાં બધું અનિષ્ટ જ છે એ નિર્ણય કોઈ એક માણસ તો આપી ન શકે. સૌની બુદ્ધિ અને વિચારણા શક્તિ જુદી જુદી હોય છે તેથી સૌએ પ્રામાણિકપણે પોતાની જવાબદારીનું ભાન રાખીને જ એ નિર્ણય કરવો ઘટે. જો કોઈ નવીન પ્રથા શરૂ કરનાર પ્રામાણિક નથી જ હોતો એમ કહેવામાં આવે તો જૂની પ્રથા પોષનાર અને તેને અનુસરનાર પ્રામાણિક જ છે એની ખાત્રી શી ? વળી એ લોકો નવીન પ્રથા શરૂ કરનાર કરતાં વધારે [illegible] અને વધારે સ્પષ્ટ વિચારનાર છે એની ખાત્રી પણ તેમણે [illegible] કરી આપવાની બાકી જ રહે છે. તેથી ખરો [illegible] અને [illegible] તો આ બાબતોમાં એક જ ફરજ રહે છે અને [illegible] પ્રવૃત્તિ કરનાર બાહ્યકોને પોતાની [illegible] ઉદારતા પૂર્વક દલીલો ધ્યાનમાં [illegible] દલીલોને પણ મોકળા મનથી વિચા[illegible] સમન્વય ન થાય તો દરેકે બીજાને [illegible] પોતપોતાની પ્રવૃત્તિમાં મશગુલ રહેવું અને [illegible] સર્વમાન્ય [illegible] સામને પુરવાર કરી દેવું. [illegible] [illegible] અને તેથી પુરાતન પ્રથા એની [illegible] અમને કશો જ વિરોધ નથી. અમે અમને ઠીક [illegible] કરવામાં નથી [illegible], કે નથી [illegible].

[illegible] ની [illegible] લેખો [illegible] પ્રગટ [illegible] નક્કી થઈ ગયું. વિદ્યાપ્રેમી ઉદાર [illegible]

પોતાનાં ગ્રાહક તરીકે નામો લખાવ્યાં. ઘણાઓએ એકથી વધારે નકલ ખરીદી અને આ પ્રવૃત્તિને વધાવી. અમે અહીં કોઈ ગ્રાહક-ભાઈઓનાં નામ નથી આપતા કારણકે એવી યાદી વધારી નકામી નામની લાલચ ઊભી કરવી એ યોગ્ય નથી. સૌએ પોતાનું કર્તવ્ય સમજીને જ ગ્રાહક તરીકે નામ લખાવેલ છે. એ કર્તવ્ય પુસ્તક વાંચવાથી અને તેનો પ્રચાર કરવાથી પૂર્ણ થાય. માત્ર નામ છપાવવાથી નહિ.

હીરાબાગના વ્યાખ્યાન હોલનો પુરો ઉપયોગ કરવા તેના વ્યવસ્થાપકોએ અમારા પ્રત્યે જે ઉદારતા દર્શાવી. તે બદલ અમે તેમના આભારી છીએ. અને સાથે એટલું નોંધવાની પણ રજા લઈએ છીએ કે તેમણે તેમની મુકરર ફી ન લેવામાં જૈનત્વને છાજે એવો વિદ્યાપ્રેમ જ દર્શાવ્યો છે. આ સિવાય બીજા જે જે ભાઈઓએ અમને એક અથવા બીજી રીતે મદદ કરી છે તે તે બધાના અમે આભારી છીએ.

યુવક સંઘના મંત્રીઓ,
મુંબઇ.

તા. ક. અસ્પૃશ્યોને લગતા બે લેખો જે પં. સુખલાલજીએ લખેલા અને પર્યુષણ વ્યાખ્યાનમાળા પછી જ એ હીલચાલ વખતે બીજા છાપાંઓમાં પ્રસિદ્ધ થયેલા તે ઉપયોગી જણાયાથી અમે આ પુસ્તકમાં ફરી છાપ્યા છે.

વિષયાનુક્રમ

ખુલાસો (પં. સુખલાલજી) ૧-

ધર્મ અને સમાજ ,, ૪-

શાસ્ત્ર અને શસ્ત્ર વચ્ચે શો ફેર ? ,, ૧૪-

આસ્તિક અને નાસ્તિક શબ્દની મીમાંસા ,, ૨૧-

સર્વધર્મના ત્રણ સિદ્ધાંતો (સૌ. વેણીબ્હેન કાપડીયા) ૩૪-

અધ્યાત્મ (મોહનલાલ ભગવાનદાસ સોલિસિટર) ૪૪-

ધર્મનો ભ્રમ (ડૉ. પ્રાણજીવનદાસ) ૬૬-૭

જૈનધર્મની વિશાળતા (ઉમેદચંદ બરોડીયા) ૭૭-૮

જૈનધર્મમાં પરિવર્તનો અને તેનાં પરિણામો (મોહનલાલ દલીચંદ દેશાઈ વકીલ) ૮૭-૧૦

અસ્પૃશ્યો અને જૈન સંસ્કૃતિ (પં. સુખલાલજી) ૧૦૫-૧૦

અસ્પૃશ્યો અને [illegible] ૧૦૯-૧૧

धर्मों में भिन्नता (पं. दरबारीलालजी) १-१८

जैनधर्म पर अन्य धर्मों का प्रभाव (पं. नाथूरामजी) १९-४४

जैन धर्म की कुछ फिक- करने दो ? (बाबू सूरजभानु वकील) ४५-५

ખુલાસો

. પ્રસ્તુત વ્યાખ્યાનમાળાના ઉદ્દેશ વિષે કાંઈક ખુલાસો કરવો યોગ્ય . આ વ્યાખ્યાનમાળાનો ઉદ્દેશ ગુરુપદ મેળવવાનો અગર તો કોઈનું ાસ્તવિક ગુરુપદ નષ્ટ કરવાનો નથી. એજ રીતે આનો ઉદ્દેશ પૂજા-તિષ્ઠા મેળવવાનો અગર અર્થપ્રાપ્તિનો પણ નથી. જે લોકો શ્રદ્ધાળુ અને આદરભક્તિથી પજુસણની ચાલતી પરંપરામાં રસ લે છે તેમને ઉપાશ્રયમાંથી અથવા તો વ્યાખ્યાનશ્રવણમાંથી છોડવવાનો પણ આ યાખ્યાનમાળાનો ઉદ્દેશ નથી. ત્યારે આનો ઉદ્દેશ શો છે એ પ્રશ્ન ા રહે જ છે.

આજે વિશ્વ સાથેના સંબંધની દૃષ્ટિએ, રાષ્ટ્રીય દૃષ્ટિએ, અને સમાજ તેમજ કુટુંબની દૃષ્ટિએ અનેક ગુંચવાડા ભરેલા પ્રશ્નો ાભા થયા છે અને ઊભા થતા જાય છે. અને એ પ્રશ્નો ેક જ અસ્થાને નથી, તેમજ ધાર્મિક સંબંધ વિનાના પણ નથી, ેટલે તેની વહેવારુ અને ધાર્મિક દૃષ્ટિએ ચર્ચા કરવી પ્રાપ્ત ાય છે. ગમે તેટલા મોટા મૂડીદાર અને બીજાની પરવા વિના પોતાનું ંત્ર ચલાવ્યે રાખનાર એક એકલવાયા વ્યાપારી જૈનને કોઈ રાષ્ટ્ર-ાવક જઈને કહે કે તમે સ્વદેશી કપડાં પહેરો, બને તો ખાદી વીકારો. કોંગ્રેસનું ફરમાન છે. જૈન ધર્મ પણ પડેલા પાડોસી ધર્મનો અભ્યાસ કેળવી પછી જ વિશ્વધર્મી થવાની શક્યતા દર્શાવે છે તો ા સાંભળી પેલા પૈસાદાર જૈનને રાષ્ટ્રીય અને ધર્મદૃષ્ટિએ સ્વદેશી વસ્તુ વિષે વિચાર અગર નિર્ણય બાંધ્યા વિના નહિ ચાલે. ધારો કે કોઈ ેક ખૂબ શાન્ત અને વયોવૃદ્ધ બહેનની વિધવા લઘુ પુત્રી, ભગિની, અગર પુત્રવધુએ કાંઈક ભૂલ કરી અને ભૂલને પરિણામે તે ધર્મસંકટમાં ાવી. અત્યાર સુધી વડિલ ગમે તેટલા શાન્ત, અશિક્ષિત અને જગતથી

ઊપરવા રહેવા પ્રયત્ન કરતા હતા, છતાં આવે વખતે તેને સામ
પ્રશ્નનો ધાર્મિક દૃષ્ટિએ ઉકેલ કરવો પડશે. એ ગર્ભહત્યા કર
કે એ બાઈને પ્રસૂતિગૃહમાં મોકલી બન્ને જીવને બચાવી લેશે
જાહેર હિંમત દાખવી જો એ બાઈ પ્રચ્છન્ન હોય તો એનું પુ
કરાવી આપશે એ એક કોયડો છે. કોઈ વિધવાએ વ
પૂછયા વગર ચુપચુપ લગ્ન કર્યું તો પછી સા
નિંદાના ભયથી એના વડિલોએ એને ધૂતકારી કાઢવામાં
માનવો કે એને પ્રેમથી અપનાવી લેવામાં ધર્મ માનવો
પ્રશ્ન પણ આવશે પિતા પરદેશગમન અને અંગ્રેજી ભણ
ગમે તેટલો વિરુદ્ધ હશે પણ છોકરાઓ અને છોકરીઓ જો
જતાં હશે તો શું એ પિતા તેઓને છોડશે કે તેઓને અપનાવી તે
કોઈ દોષ ન દાખલ થાય એ પૂરતી જ સંભાળ રાખશે એ પ
કેળવણી અને ધાર્મિક દૃષ્ટિએ પ્રશ્ન છે એક બાજુ કોઈપણ
સામુદાયિક અગર ધાર્મિક દ્રવ્ય સ્વાપ અને કુપાય જેમ પ
અને કદાચ ધીરે ધીરે બગાડ પણ થતું જતું હશે, તેજ વખ
અસાધારણ રાષ્ટ્રીય જરૂરિયાત આવી પડી અગર
મુશ્કેલીથી સામાજિક વિપ્લવ [illegible] થયો અગર ધાર્મિક
મોટે ખર્ચે કેળવવાની તક આવી પડી અને પછી
કરવી કે પેલા અનામત પડી રહેલ રકમને [illegible] અપનાવામા
કરી શકાય કે નહિ ? અને ન કરી શકાય તો [illegible]
તેમજ કરી શકાય તો કઈ રીતે ? આ [illegible]
રૂપ લે કાંઈ આવવાના. એટલે એકંદર આ [illegible]
પ્રશ્નોને લગતા સમયાનુકૂલ અને સતર્ક [illegible]
આ માટે વિચારશક્તિ કેળવીએ, [illegible]
અને મનન કરીએ, નિર્ણયશક્તિ કેળવીએ [illegible]
૧૯ પર્વનાં આજે અહીં કર્યા છે. દાક્તરો [illegible]
[illegible] વિદ્યાર્થીઓ, વકીલો, ડૉક્ટરો, પ્રોફેસરો અને [illegible]

કોના માનસમાં જ્યારે ત્યારે આવાજ પ્રશ્નો ઊભા થાય છે. ગુપ્તરા તો આવા પ્રશ્નોનું નિરાકરણ ધાર્મિક અને પોતાની રંપરાની દષ્ટિએ કરવા માગે છે. વળી આવા વિચારપ્રેમીમાં લોક વર્ગ એવો છે કે તેને ચાલુ પજુસણની પરંપરામાં રસ થી. એટલે તે આવા પુણ્ય દિવસોમાં મળેલ વખતનો ઉપયોગ તો ગપગોળામાં અને કાંતો રખડપટ્ટીમાં અને કાંતો અવ્યવસ્થિત ર્કજાળમાં કરે છે. આને બદલે તેઓને વિચાર કરવાની, વિચાર ાંભળવાની, અને નિર્ણયો બાંધવાની તક આપવામાં આવે તો ઓ કદાચ ક્રિયાકાંડની દષ્ટિએ નહિ છતાં વિચાર અને સદાચારની ષ્ટિએ તો જૈન બની રહેવાના.

જમાનો જ્યારે વિચારજાગૃતિ અને જ્ઞાનનું ખેડાણ માગે ત્યારે એને યોગ્ય રીતે એ વસ્તુ પૂરી પાડવામાં જ લાભ છે. એટલે આ વ્યાખ્યાનમાળા ખરી રીતે પજુસણની જે પ્રાચીન પરંપરા ચાલે છે તેની સામયિક પૂરવણી માત્ર છે. વધારે સારું અને યોગ્ય કાર્ય તો ત્યારે થશે કે જ્યારે ધર્મગુરુઓ પોતે જ ધર્મસ્થાનોમાં આ બધા પ્રશ્નો ઉપર વિચારપૂર્વક અને ઉદારતાપૂર્વક અસાધારણ પ્રકાશ નાંખશે. એ સમય જલ્દી આવે તે માટે જ આ વ્યાખ્યાનમાળા છે. જ્યારે ચોમેર જિજ્ઞાસા, જ્ઞાન અને વિવિધ વિચારોનું વાતાવરણ ઊભું થશે ત્યારે આચાર્ય મહારાજાઓને એ ભૂમિકામાં આવવું સહેલું થઈ જશે કારણકે તેઓશ્રી ધર્મસ્થાનોમાં રહે છે અને તે સ્થાનોમાં પ્રકાશ બહુજ ધીરે ધીરે પ્રવેશ કરે છે. તેથી આવી વ્યાખ્યાનમાળાઓ માત્ર જિજ્ઞાસુઓને પગથીએ ચડાવવા પૂરતી જ છે.



ધર્મ અને સમાજ

કીડી તરફ બારીકીથી ધ્યાન આપીશું તો જણાશે એકલી રહી શકતી નથી. તે કોઈનો સહચાર શોધે છે. મંકોડાનો તો શું પણ પોતાથી જુદી જાતની કીડીનો પણ નથી ફાવતો. તે પોતાની જ જાતના સહચારમાં મસ્ત રહે છે. ક્ષુદ્ર પ્રાણીઓથી આગળ વધી પંખી તરફ નજર કરીએ. વિખુટી પડેલી કુકડી મોર સાથે રહેશે તોપણ તે સંતુષ્ટ ર[illegible] શકે. તેને પણ પોતાની જ જાતિનું સહચર્ય જોઈએ. એ અને એક હરણુ એ બન્ને પોતપોતાની જાતિમાં જેટલા રહી શકે અને જીવન સભાવી શકે તેટલા વિજાતિમાં [illegible] સુખ સગવડ છતાં પ્રસન્ન નહિ રહી શકે માણસજાતે બનાવેલ, વફાદાર સેવક, અને સહચારી શ્વાન પણ જો બી[illegible] વિનાનો હશે તો તે અસંતુષ્ટ હશે અને તેથી જ [illegible] પાળેલ પણ બીજા શ્વાનની અદેખાઈ કરવા છતાં [illegible] જોઈ દરવાનમાં લડીને પણ ઉત્તરે તેની સાથે [illegible] અને મેલ કરશે. પ્રાણી, પક્ષી અને પશુ જાતિનો [illegible] મનુષ્યમાં પણ જોઈએ છીએ.

મનુષ્ય, પંખી કે પશુ પાળીને જંગલમાં [illegible] અને ગેરહો અભ્યાસ કરે પણ ઉત્તરે તેની પ્રકૃતિ મનુષ્ય [illegible] [illegible] છે. સમાન રહેણીકરણી, સમાન [illegible] [illegible], અને હરીફની સમાન રચનાને કારણે સજાત[illegible] [illegible] ગતિ [illegible] આપણે જોઈએ છીએ. [illegible]

[illegible]

સમાજની પાત્રતા તો મનુષ્યજાતિમાં જ છે; અને તેનું કારણ તો એ છે કે મનુષ્યમાં એટલી બુદ્ધિશક્તિ અને વિવેકશક્તિનું બીજ છે કે તે પોતાની રહેણીકરણી, પહેરવેશ, ભાષા, ખાનપાન, અને બીજા સંસ્કારો બદલી શકે છે, કેળવી શકે છે. માણસ ચાહે ત્યારે પ્રયત્નથી પોતાની જન્મભાષા ઉપરાંત બીજી ભાષાઓ શીખી લે છે, અને તે ભાષાઓ બોલનાર સાથે સહેલાઈથી હળી મળી જાય છે; પહેરવેશ અને ખાનપાન બદલીને કે બદલ્યા સિવાય ઉદારતા કેળવીને જુદા પ્રકારના પહેરવેશ અને ખાનપાનવાળા મનુષ્ય સાથે સહેલાઇથી વસી અને જિંદગી ગાળી શકે છે; બીજાનું સારું હોય તે લેવામાં અને પોતાનું સારું બીજાને આપવામાં માત્ર મનુષ્ય જ ગૌરવ અનુભવે છે. ભિન્ન દેશ, ભિન્ન રંગ, અને ભિન્ન સંસ્કારવાળી માનવપ્રજા સાથે માત્ર મનુષ્ય જ એકતા સાધી અને વિકસાવી શકે છે. આજ શક્તિને લીધે મનુષ્યનો વર્ગ સમાજ નામને પાત્ર થયો છે.

મનુષ્ય જ્યાં હશે ત્યાં કોઈને કોઈ સમાજનો અંશ થઈને રહેવાનો. તે જે સમાજનો અંશ થઈને રહેતો હશે તે સમાજ ઉપર તેના સારાનરસા સંસ્કારોની અસર થવાની. એક મનુષ્ય બીડી પીતો હશે તો તે પોતાની આજુબાજુના લોકોમાં બીડીની તલપ જગાડી એ વ્યસનનું વાતાવરણ ઊભું કરશે. અફીણ પીનાર ચીનો પોતાના સમાજમાં તે જ રુચી કેળવશે. એક માણસ ખરો કેળવાએલ હશે તો તે પોતાના સમાજમાં કેળવણીનું વાતાવરણ જાણે કે અજાણે ઊભું કરશે જ. એ જ રીતે આખા સમાજમાં કે સમાજના મોટા ભાગમાં જે રીતભાત અને સંસ્કારો રૂઢ થયા હશે (પછી તે ઇષ્ટ હોય કે અનિષ્ટ) તે રીતભાત અને સંસ્કારોથી તે સમાજના ઘટક માણસને મુક્ત રહેવું એ અશક્ય નહિ તો દુઃશક્ય જેવું થઈ પડશે. તાર કે ટીકીટ ઓફીસમાં કામ કરનારા અગર રેલ્વેના કર્મચારીઓ વચ્ચે એવા જણ એવો જઈને રહે કે જે લાંચને તિરસ્કારતો

ાય એટલું જ નહિ પણ ગમે તેટલી લાંચની લાલચ છતાં [illegible]
ાગ બનવા ઇચ્છતો ન હોય તો તેવા સાચુકલા માણસને માટે
ાંચીયા વર્ગ તરફથી ભારે ત્રાસ પડવાનો. કારણકે તે લાંચ ન [illegible]
ાટલે સ્વભાવિક રીતે જ બીજા લાંચીયાઓનો વિરોધ કરે અને તે [illegible]
તાં બીજો આખો વર્ગ એક સંપ થઈ જાતો તેને લાંચ લેતો [illegible]
ાને કાતો તેને હેરાન કરવામા મણા ન રાખે. જો પેલો [illegible]
ાદમી અસાધારણ હિમ્મત અને બુદ્ધિવાળો ન હોય તો તે બીજ
ાંઈ નહિ તો છેવટે બીજાઓ લાંચ લે ત્યારે માત્ર તટસ્થ [illegible]
ાખમીઆમણા કરે અને તે જ રીતે તેવા વર્ગમા નભી શકે. એ
ાયે આપણાદેના આઈ. સી. એસ. ને પરદેશીઓ સાથે તે વર્ગમાં [illegible]
ાર ઘણુ અનિષ્ટ સહન કરવું પડે છે આમ છતા આવા અનિષ્ટ
સમાજને બચાવવા સમાજના આગેવાનો કે રાજ્યકર્તાઓ [illegible]
ાનુનો ઘડે છે અને નવિનિયમો બાંધે છે. એક વખતે [illegible]
ઉંમર સુધી કન્યાઓને [illegible] અમુક અનિષ્ટ જણાવ [illegible]
સ્મૃતિકારોએ નિયમ દાખલ કર્યા કે [illegible]
ગૌરી હોય તેજ ઉંમરે [illegible] નિય[illegible]
ઉલ્લંઘન કરનાર કન્યાનો પિતા અને [illegible]
[illegible] એ નાની ઉંમરના લગ્ન [illegible]
ત્યારે બહુ અનિષ્ટ વધી ગયું [illegible]
રાજ્યકર્તાઓને બીજો નિયમ ઘડવ[illegible]
વર્ષથી નાની ઉંમરમાં કન્યાનું લગ્ન કરનાર [illegible]
નિંદાપાત્ર કરે છે અને કાતો રાજ્યના દંડપાત્ર [illegible]
કરે છે. એક કરનાર માણસ ગમે તેટલી [illegible]
[illegible] ગુન્હો બને છે એટલા માટે કે એને [illegible]
[illegible]
[illegible]
[illegible]

કેતિ ભયથી અને કોતિ સ્વાર્થથી કરે છે. જો અમુક કામ કરવાની પાછળ અગર અમુક કામ ન કરવાની પાછળ ભય કે લાલચ ન હોય તો તે કામ કરનાર અગર ન કરનાર કેટલા નીકળે એ મોટો સવાલ છે. કન્યા એ પણ એક પુત્રની પેઠે સંતતિ જ છે. અને તેથી તેને પણ છોકરા જેટલો જ હક હોવો જોઈએ એમ ધારીને તેને દાયજો આપનાર માબાપ મળે તે કરતાં હજાર કે લાખગણાં વધારે માબાપ એવું સમજીને દાયજો કરનાર મળવાનાં કે જો ઠીકઠીક દાયજો આપવામાં નહિ આવે તો લાયક ઘર કન્યા માટે નહિ મળે અને વળી આપણા છોકરાઓ સારે ઘેર નહિ વરે. એજ ભય કે સ્વાર્થ ઘણીવાર છોકરા છોકરીઓના શિક્ષણ પાછળ હોય છે અને તેથીજ વ્યવહારુ હેતુ સરતાં ઘણીવાર છોકરા છોકરીઓનું શિક્ષણ બંધ પડે છે (પછી ભલે તે છોકરા કે છોકરીઓ શિક્ષણ લેવાને લાયક પણ હોય), કારણ કે એ શિક્ષણ કેવળ શિક્ષણ ખાતર અપાતું ન હતું. આ રીતે આપણે કેટલાક સમાજોમાં પુનર્લગ્નના પ્રતિબંધ વિષે પણ જોઈએ છીએ. જે સમાજમાં પુનર્લગ્ન નથી થતાં તેમાં પણ આજે ઘણા પુરુષો અને સ્ત્રીઓ એમ ચોકખું માનનારાં હોય છે કે બળાત્કારી વૈધવ્ય એ ધર્મ નથી છતાં તેઓ પોતાની લઘુ પુત્રી કે બ્હેન જો વિધવા થાય તો તેની ઇચ્છા છતાં તેનું લગ્ન કરવા તૈયાર થતાં નથી અને ઘણીવાર તો તેઓ પુનર્લગ્ન ઉપર પોતાની મરજી વિરુદ્ધ સખત જાપ્તો રાખે છે. બળાત્કારી બ્રહ્મચર્યની આ નીતિની પાછળ ભય અને સ્વાર્થ સિવાય બીજો કશો જ હેતુ હોતો નથી. ગૃહસ્થોની વાત બાજુએ મૂકીએ અને ત્યાગી કે ગુરુ મનાતા વર્ગની અંદર જઈને જોઈએ તોપણ આપણને જણાશે કે તેમના ઘણા ખરા નીતિનિયમો અને વ્યવહારોની પાછળ માત્ર ભય અને સ્વાર્થ જ રહેલાં હોય છે. એકાદ ત્યાગીનો શિષ્ય અનાચારી થાય અગર ગુરુ પોતેજ વઢે તો તે શિષ્યોનો ગુરુ તે શિષ્યની વૃત્તિ સુધરી છે કે નહિ તે જોયા સિવાય પણ એને વેશધારી બનાવી રાખવાનો પૂર્ણ પ્રયત્ન કરશે. કારણકે તેને એ શિષ્યની

દ્વારા પોતાની પ્રતિષ્ઠા જવાનો ભય છે. કોઈ ગુરુ વઢે ત્યારે તે [illegible] અનુગામીઓ એ વંઠેલ આચાર્યને પદભ્રષ્ટ કરતાં ભયકારી [illegible] ઉપર બળાત્કારી બ્રહ્મચર્ય લાદવાનો પ્રયત્ન કરશે. કારણ કે તેમ [illegible] સંપ્રદાયની પ્રતિષ્ઠા ઘટવાનો ભય છે. પુષ્ટિમાર્ગના આચાર્યનું વાર [illegible] અને જૈન ધર્મના સાધુનું સર્વથા અસ્નાન એ કોઈ કોઈ વાર [illegible] ભયને લીધે જ હોય છે. મોલવીઓના ગીતાપાઠમાં અને કુરાન પાઠમાં પણ સામાજિક ભય અને સ્વાર્થ મોટે ભા[illegible] રૂપ હોય છે. આ સામાજિક નીતિનિયમો અને રીતરિવાજો મોટે ભાગે ભય અને સ્વાર્થ જ રહેલા હોય છે. ભય અને [illegible] અનુસરાતા નીતિનિયમો છેક જ ફેંકી દેવા જોઈએ અગર છેક [illegible] છે અગર તેના સિવાય પણ ચાલી શકે એમ કહેવાનો આ[illegible] નથી. અહીં તો એટલુંજ બતાવવું છે કે નીતિ અને [illegible] શો તફાવત છે.

જે બંધન કે જે કર્તવ્ય ભય કે સ્વાર્થમૂલક હોય છે તે ના[illegible] અને જે કર્તવ્ય ભય કે સ્વાર્થમૂલક નહિ પણ શુદ્ધ કર્તવ્ય [illegible] જ હોય છે અને જે કર્તવ્ય માત્ર યોગ્યતા ઉપર જ અવલંબિ[illegible] હોય છે તે ધર્મ. નીતિ અને ધર્મ વચ્ચેનો આ તફાવત કાંઈ નવો સૂનો નથી. જો આપણે જરીક ઊંડા ઊતરીને તપાસીશું તો સ્પ[illegible] દેખાશે કે નીતિ એ સમાજના ધારણ અને પોષણ માટે આવશ્ય[illegible] છતાં પણ તેનાથી સમાજનું સંશોધન થતું નથી. સંશોધન એટલે શુદ્ધિ અને શુદ્ધિ એટલે જ ખરો વિકાસ એ સમજ જો વાસ્તવિ[illegible] હોય તો એમ કહેવું જોઈએ કે એવો વિકાસ તો ધર્મને જ આભારી છે. જે સમાજમાં ઉપર કહેલ ધર્મ જેટલે અંશે [illegible] અનુસરાતો હોય તે સમાજ તેટલે અંશે [illegible]

ુકસાન થાય તેટલી ભૂલ નથી કરતો એટલા સારૂ કે જો ભૂલ આવે ા દંડાવાનો અગર નોકરી જવાનો ભય છે; પણ એટલી જ ીવટવાળો તે માસ્તર જો બીજો ભય ન હોય તો મુસાફરો પાસેથી ાંચ લે છે. જ્યારે આપણો કલ્પેલો બીજો સ્ટેશન માસ્તર હિસાબની ોકસાઇ ઉપરાંત લાંચ મળવાનો અને પચી જવાનો ગમે ેટલો અનુકૂળ પ્રસંગ છતાં લાંચ નથી જ લેતો એટલું જ નહિ પણ તે લાંચખોરીનું વાતાવરણ જ નથી પસંદ કરતો. એ જ રીતે એક ્યાગી વ્યક્તિ ખુલ્લી રીતે પૈસા લેવામાં કે રાખવામાં અકિંચન ્રતનો ભંગ લેખી પૈસા હાથમાં નહિ લે કે પોતાની પાસે નહિ સંઘરે અને છતાં જો તેના મનમાં અકિંચનપણું આવ્યું નહિ હોય એટલે કે લોભનો સંસ્કાર ગયો નહિ હોય તો તે ધનિક શિષ્યોને મેળવી મનમાં ફુલાશે અને જાણે પોતે જ ધનવાન હોય એ રીતે બીજા કરતાં પોતાને ચડિયાતો માની ગર્વભરેલો તુંપદનો વ્યવહાર કરશે. જ્યારે બીજો ત્યાગી જો ખરો ત્યાગી હશે તો પૈસા પોતાની માલિકીના કરીને પાસે નહિ જ રાખે અને પાસે હશે તોપણ તેના મનમાં જરાય નહિ હોય અભિમાન કે જરાય નહિ હોય પોતાના અલગ સ્વામીપણાનું ગૌરવ. તે ગમે તેટલા ધનિકોની વચ્ચે રહેવા છતાં અને ધનિકોની સેવાના પ્રસંગોમાં આવવા છતાં નહિ તેનાથી ફુલાય કે નહિ તેને લીધે બીજા કરતાં પોતાને ચડિયાતો માને. આનું પરિણામ એ આવવાનું કે જો નીતિની દૃષ્ટિએ સમાજમાં ત્યાગીઓ હશે તો તે સમાજ ચડેલો કે શુદ્ધ નહિ હોય, કારણ કે તેમાં ત્યાગીના વેશમાં રહી એવી રીતે ભોગ સેવાતો હશે કે જેથી ત્યાગ પાળ્યો ગણાય અને ભોગ પણ પોષાય. એવી સ્થિતિમાં ત્યાગીઓ વચ્ચે સીધી રીતે પૈસો મેળવવાની કે સંઘરવાની ગૃહસ્થોની પેઠે હરિફાઈ નહિ હોય પણ બીજા કરતા વધારે પૈસાદાર શિષ્યોને રીઝવી, સમજાવી, ભોળવી, પોતાના બનાવી રાખવાની

અજાણે સમાજની સેવા કરવાને બદલે કુસેવા જ વધારે કરતા હ[illegible]
તેથી ઊલટું સમાજમાં જો ધર્મદૃષ્ટિએ ત્યાગી હોય તો [illegible]
નહિ હોય પૈસા મેળવવાની કે સંઘરવાની હરિફાઈ, અગર [illegible]
હોય પૈસાદાર ચેલાઓને પોતાના જ બનાવી રાખવાની [illegible]
એટલે તેઓ શિષ્યસંગ્રહ કે શિષ્યપરિવાર વિષે તદ્દન નિ[illegible]
હશે અને માત્ર સમાજ પ્રત્યેના પોતાના કર્તવ્યમાં જ પ્રસન્ન હ[illegible]
એટલે એવા બે ત્યાગીઓ વચ્ચે નહિ આવવાનો અદેખાઈનો ક[illegible]
કલેશનો પ્રસંગ, અને એ જ રીતે તેમને લીધે તેઓ જે સમાજ[illegible]
રહેતા હશે તે સમાજમાં પણ નહિ આવવાનો વિખવાદનો પ્રશ્ન[illegible]
આ રીતે આપણે જોઈ શક્યા કે એક સમાજમાં ગમે તેટલા ની[illegible]
ત્યાગી હોય છતાં તેનાથી તે સમાજનું કલ્યાણ ન થતાં [illegible]
અકલ્યાણ જ થવાનું. જ્યારે કોઈ બીજા સમાજમાં સાચો ધ[illegible]
ત્યાગી એક હોય તોપણ તે સમાજની શુદ્ધિ ખૂબ જ વધારવાનો[illegible]
એક બીજો દાખલો લઈએ: કોઈ સંન્યાસી ભોગવાસના પ્રગટ થ[illegible]
સમાજમાં અપજશ થવાના ભયથી દેખીતી રીતે ત્યાગી રહી [illegible]
અનાચાર સેવ્યા કરે, જ્યારે બીજો ત્યાગી તેવી વાસના પ્રબ[illegible]
થતાં જો તેના મનને દમવા ન શકે તો ગમે તેવા અપવાદ [illegible]
તિરસ્કારનો [illegible]
[illegible] સમાજની શુદ્ધિ [illegible]
[illegible]

અજાણે સમાજની સેવા કરવાને બદલે કુસેવા જ વધારે કરતા હશે. તેથી ઊલટું સમાજમાં જો ધર્મદૃષ્ટિએ ત્યાગી હોય તો તેઓને નહિ હોય પૈસા મેળવવાની કે સંઘરવાની હરિફાઈ, અગર નહિ હોય પૈસાદાર ચેલાઓને પોતાના જ બનાવી રાખવાની ફીકર. એટલે તેઓ શિષ્યસંપદ કે શિષ્યપરિવાર વિષે તદ્દન નિશ્ચિંત હશે અને માત્ર સમાજ પ્રત્યેના પોતાના કર્તવ્યમાં જ પ્રસન્ન હશે. એટલે એવા બે ત્યાગીઓ વચ્ચે નહિ આવવાનો ખેંચાખેંચીનો અગર ક્લેશનો પ્રસંગ, અને એ જ રીતે તેમને લીધે તેઓ જે સમાજમાં રહેતા હશે તે સમાજમાં પણ નહિ આવવાનો વિખવાદનો પ્રસંગ. આ રીતે આપણે જોઈ શક્યા કે એક સમાજમાં ગમે તેટલા નીતિ-ત્યાગી હોય છતાં તેનાથી તે સમાજનું કલ્યાણ ન થતાં વધારે અકલ્યાણ જ થવાનું. જ્યારે કોઈ બીજા સમાજમાં સાચો ધર્મ-ત્યાગી એક હોય તોપણ તે સમાજની શુદ્ધિ ખૂબ જ વધારવાનો. એક બીજાને [illegible] કોઈ સંન્યાસી [illegible] વાસના પ્રગટ થતાં સમાજમાં [illegible] દેખાતી રીતે ત્યાગી રહી [illegible] વાસના પ્રગટ [illegible]

આનો ઉત્તર સ્પષ્ટ છે અને તે એ છે કે એવો એકેય પંથ કે સંપ્રદાય દુનિયામાં નથી કે જેણે માત્ર ધર્મનું જ આચરણ કર્યું હોય અને તે દ્વારા માત્ર સમાજની શુદ્ધિ જ સાધી હોય. કોઈ પંથ કે સંપ્રદાય પોતાનામાં અમુક સાચી ધાર્મિક વ્યક્તિઓ થઈ ગયાનો નિર્દેશ કરી સમાજની શુદ્ધિ સાધ્યાનો દાવો કરે તો તેવો દાવો બીજો વિરોધી પંથ પણ કરી શકે. કારણ કે દરેક પંથમાં ઓછી કે વધતી સાચી ત્યાગી વ્યક્તિઓ થયાનો ઇતિહાસ આપણી સામે મોજુદ છે. ધર્મનાં કહેવાતાં બાહ્ય રૂપો ઉપરથી સમાજની શુદ્ધિનો આંક કાઢી કોઈ પંથને ધાર્મિકપણાનું પ્રમાણપત્ર તો આપી શકાય જ નહિ. કારણ કે બાહ્ય રૂપો એટલાં બધાં વિરોધી હોય છે કે તેને લીધે ધાર્મિકપણાનું પ્રમાણપત્ર આપવા જઈએ તો કાંતો બધા જ પંથોને ધાર્મિક કહેવા પડે અને કાંતો બધાને જ અધાર્મિક કહેવા પડે; દાખલા તરીકે કોઈ પંથ, મંદિર અને મૂર્તિપૂજાના પોતાના પ્રચારનો નિર્દેશ કરી એમ કહે કે તેણે એ પ્રચાર દ્વારા જનસમાજને ઈશ્વરની ઓળખાણમાં અમર તેની ઉપાસનામાં બહુ મદદ કરી છે અને તે રીતે સમાજમાં શુદ્ધિ આણી છે તો તેથી ઊલટું તેનો વિરોધી બીજો પંથ એમ પણ કહેવા કમર કસે કે તેણે મંદિરો અને મૂર્તિઓના ધ્વંસનું કામ કરી સમાજમાં શુદ્ધિ આણી છે. કારણ કે મંદિરો અને મૂર્તિઓને બહાને વધી ગએલા વહેમ, આલસ્ય અને દંભને અમુક પ્રમાણમાં તેણે મંદિરો અને મૂર્તિઓના વિરોધ દ્વારા વધતાં અટકાવ્યાં છે. એક પંથ જે તીર્થસ્નાનનો મહિમા ગાતો અને વધારતો હોય તે શારીરિક શુદ્ધિ દ્વારા માનસિક શુદ્ધિની દલીલ કરી પોતાની પ્રવૃત્તિને સમાજ-કલ્યાણકારી બતાવી શકે; જ્યારે તેનો વિરોધી બીજો પંથ સ્નાન નિષમનના પોતાના કાર્યને સમાજકલ્યાણકારી સાબીત કરવા એવી દલીલ કરી શકે કે બાહ્ય સ્નાનના મહત્ત્વમાં તણાતા લોકોને તે રસ્તેથી પાછા વાળી અંતર શુદ્ધિ તરફ લઈ જવા માટે સ્નાન ઉપર નિયંત્રણ મૂકવું એ જ હિતાવહ છે. એક પંથ કંઠી બંધાવીને અને

બીજો તેને વોડાવીને સમાજ-કલ્યાણ કર્યાનો દાવો કરી શકે. આ રીતે દરેક પંથનાં બાહ્ય રૂપો જે ઘણીવાર એકબીજાથી તદ્દન વિરોધી હોય છે તેના ઉપરથી આપણે નક્કી ન કરી શકીએ કે અમુક પંથ ખરો ધાર્મિક છે અને અમુક પંથે જ સમાજમાં વધારે શુદ્ધિ આણી છે. ત્યારે શું એવું કોઈ ધોરણ છે કે જે સર્વમાન્ય હોય અને જેના દ્વારા નિર્વિવાદપણે આપણે કહી શકીએ કે જો અમુક વસ્તુ હોય તો બાહ્ય રૂપ ગમે તે હોવા છતાં પણ તેનાથી સમાજનું એકાંતિક કલ્યાણ જ થવાનું? અને તે વસ્તુ જે પંથમાં, જે જાતિમાં, કે જે વ્યક્તિમાં જેટલા પ્રમાણમાં વધારે હોય તે જ પંથ, તે જ જાતિ, કે તે જ વ્યક્તિએ સમાજની શુદ્ધિમાં અગર સમાજના વિકાસમાં વધારે ફાળો આપ્યો છે એમ કહી શકાય? અલબત્ત એવી વસ્તુ છે; અને તે ઉપરની ચર્ચા દ્વારા સ્પષ્ટ થઈ ગઈ છે. તે વસ્તુ એટલે નિર્ભયપણું, નિર્દંભપણું અને વિવેક. વ્યક્તિના કે પંથના જીવનમાં એ વસ્તુ છે કે નહિ તે બહુ સહેલાઈથી જાણી શકાય. જેવું માનવું તેવું જ બોલવું અને બોલવું તેથી ઊલટું ન ચાલવું અગર જેવું ચાલવું તેવું જ કહી દેવું: આ તત્ત્વ હોય તો નિર્ભયપણું. આવું નિર્ભયપણું ધારણ કરનાર કોઈ નોકર શેઠથી ડરી ખરી બાબત નહિ છુપાવે અને ગમે તેવું જોખમ ખેડવા તૈયાર રહેશે. કોઈ અમ-ગૃહસ્થ [illegible]માં આવી આવવાના ભયથી ધર્મગુરુ પાસે અગર બીજે [illegible] દોરા ધાગા કે મેલા દેખાવા મટે ખોટા દોંગ ન કરતાં [illegible] તૈયાર રહેશે. કોઈ ધર્મગુરુ, જો તે નિર્ભય હશે તો, પોતાનું [illegible] પૂરું નહિ ગમે એમ રીતે જ નિર્ભય હશે તે પોતાનું [illegible]. નિર્ભય [illegible] નિર્દંભપણું [illegible] [illegible] [illegible] હાય તે

પોતાની શક્તિ અને સંપત્તિનો સદ્ઉપયોગ કરીને જ બીજાઓનાં હૃદય જીતશે. વિવેક હોય ત્યાં કલેશ ન જ હોય અને જ્યાં કલેશ હોય ત્યાં સમજવું કે વિવેક નથી જ. આ રીતે આપણે કોઈ વ્યક્તિ કે કોઇ પંથમાં ધર્મ છે કે નહિ એ જાણવું હોય તો સહેલાઇથી જાણી શકીએ અને ઉપરની કસોટીથી કસી આપણે નક્કી કરી શકીએ કે અમુક વ્યક્તિ અગર અમુક પંથ સમાજનું કલ્યાણ કરનાર છે અને અમુક નથી.

નાતમાં મહાજનો, પંથમાં તેના આગેવાનો, અને સમસ્ત પ્રજામાં રાજ્યકર્તાઓ નીતિ ઘડે છે, અને દેશકાળ પ્રમાણે બદલે છે તેમજ તે પળાવે છે; છતાં સમાજની શુદ્ધિનું કામ તો પાછું બાકી જ રહે છે. આ કામ કોઈ મહાજન, કોઈ પંડિત, કે કોઈ રાજા માત્ર તેના પદથી સાધી ન શકે. એ કામ જ મુખ્ય છે. અને એ જ કાર્ય કરવું તે ઈશ્વરીય સંદેશ. જે વ્યક્તિને આ કાર્ય કરવાની તાલાવેલી હોય તેણે બીજાઓને પ્રથમ ન કહેતા પોતાના જ જીવનમાં ધર્મ દાખલ કરવો જોઈએ. જો એના જીવનમાં ધર્મ દાખલ થયો તો તેટલે અંશે તેનું જીવન સમાજની શુદ્ધિ કરવાનું (પછી ભલે તે કોઈને શુદ્ધ થવાનો ઉપદેશ વાણી કે લેખનથી ન પણ આપતો હોય). સમાજની શુદ્ધિ એ જીવનશુદ્ધિમાં સમાએલી છે, અને જીવનશુદ્ધિ એ જ ધર્મનું સાધ્ય છે. એટલે જો આપણે સમાજ અને પોતાના જીવનને નિરોગી રાખવા ઇચ્છતા હોઈએ તો આપણા પોતામાં ઉપર કહેલ ધર્મ છે કે નહિ, અને છે તો કેટલે અંશે છે એનું જ નિરીક્ષણ કરવું જોઈએ. આ ધાર્મિક મનાતા દિવસોમાં જો પોતાનું નિરીક્ષણ કરવાની ટેવ કેળવીએ તો તે હમેશાં સ્થાયી બને અને તેમ થાય તો આપણી સામે પડેલા વિશાળ સમાજ અને રાષ્ટ્રના ઘટક તરીકે આપણે કાંઈક સામો દાખલો આપ્યો કહેવાય.

શાસ્ત્ર અને શસ્ત્ર વચ્ચે શો ફેર?

હિન્દુસ્તાનમાં શાસ્ત્રને ઉત્પન્ન કરનાર, તેને સાચવનાર, વિકસાવનાર, અને તે દ્વારા શક્ય હોય તેવી બધી પ્રવૃત્તિ કરનાર જે વર્ગ [illegible] બ્રાહ્મણ તરીકે મુખ્યપણે જાણીતો છે. એ જ રીતે શસ્ત્ર રાખનાર [illegible] વાપરનાર જે વર્ગ તે મુખ્યપણે ક્ષત્રિય તરીકે જાણીતો છે. શરૂઆતમાં બ્રાહ્મણવર્ગનું કાર્ય શાસ્ત્ર દ્વારા લોકરક્ષા એટલે સમાજરક્ષા કરવા[illegible] હતું, તેમજ ક્ષત્રિયવર્ગનું કાર્ય શસ્ત્ર દ્વારા સમાજરક્ષણ કરવા[illegible] હતું. શાસ્ત્ર દ્વારા સમાજરક્ષણ અને શસ્ત્ર દ્વારા સમાજરક્ષણ એ બ[illegible] રક્ષણ છતાં તેનું સ્વરૂપ મૂળમાં જુદું હતું. શાસ્ત્રમૂર્તિ બ્રાહ્મણ જ્યાં કોઈને બચાવવા માગે ત્યારે તેના ઉપર શાસ્ત્રનો પ્રયોગ કરે એટલે તેને હિતબુદ્ધિ, [illegible] અને સાચા પ્રેમથી વસ્તુસ્થિતિ સમજાવે. આમ કર્યા [illegible] બચાવી જ લે અને તેમ [illegible] તોપણ તે પોતાની જાતને તો [illegible] એટલે શાસ્ત્રનું કાર્ય મુખ્ય[illegible] સાથે [illegible] પણ બચાવી[illegible] [illegible] જો તેમ ન બને તો [illegible] [illegible] પોતાની જાતને [illegible] [illegible] [illegible]

સમજાવીને કોઈને બચાવવાની શક્તિને જે ધરાવે તે શાસ્ત્ર અને બીજાને હણી એકને બચાવવાની શક્તિ જેમાં હોય તે શસ્ત્ર. આ તફાવત સાત્ત્વિક અને રાજસ-પ્રકૃતિના તફાવતનું સૂચક છે. એ તફાવત હોવા છતાં બ્રાહ્મણ અને ક્ષત્રિય પ્રકૃતિ જ્યાંસુધી પોતાના સમાજરક્ષાના ધ્યેયને યથાર્થપણે વફાદાર રહી ત્યાંસુધી તે બન્ને પ્રકૃતિએ પોતાની મર્યાદા પ્રમાણે નિઃસ્વાર્થપણે કામ બજાવ્યા કર્યું અને શસ્ત્ર ને શાસ્ત્રનો મોભો સચવાઈ રહ્યો.

પણ વખત જતાં એ શાસ્ત્ર દ્વારા પ્રાપ્ત થએલ પ્રતિષ્ઠાનાં ફળો ચાખવાની અને ભોગવવાની લાલચ પેલા શાસ્ત્રમૂર્તિ વર્ગમાં દાખલ થઈ. એ જ રીતે શસ્ત્રમૂર્તિ વર્ગમાં પણ શસ્ત્રસેવા દ્વારા જામેલ પ્રતિષ્ઠાનાં ફળો આસ્વાદવાની ક્ષુદ્ર વૃત્તિ જન્મી. પરિણામે ધીરે ધીરે સાત્ત્વિક અને રાજસ પ્રકૃતિનું સ્થાન તામસ પ્રકૃતિએ લીધું અથવા તેમાં તામસપણું દાખલ થયું, અને એવી સ્થિતિ આવી કે શાસ્ત્રમૂર્તિ વર્ગ શાસ્ત્રજીવી બની ગયો અને શસ્ત્રમૂર્તિ વર્ગ શસ્ત્રજીવી બની ગયો. એટલે કે બન્નેનું મુખ્ય ધ્યેય રક્ષણ મટી આજીવિકા પૂરતું થઈ ગયું. શાસ્ત્ર અને શસ્ત્ર દ્વારા મુખ્યપણે આજીવિકા સાધવી, પોતાની ભોગવાસના તૃપ્ત કરવી એવી વૃત્તિ જન્મતાં જ શાસ્ત્રજીવી બ્રાહ્મણ વર્ગમાં તડા પડ્યા, એક બીજાની અદેખાઈ કરવા લાગ્યા. ભક્તો અનુયાયિઓ અને શિષ્યો કે જેમને અજ્ઞાન અને કુસંસ્કારથી બચાવી લેવાનું પવિત્ર કામ બ્રાહ્મણવર્ગને સોંપાએલું હતું તેઓને તે રીતે બચાવવાને બદલે પેલો શાસ્ત્રજીવી વર્ગ પોતાના હાથમાં પડેલા અભણ અને ભોળા વર્ગની સેવાશક્તિનો બને તેટલો પોતાના લાભમાં વધારેમાં વધારે ઉપયોગ કરવાની હરિફાઈમાં પડ્યો. એટલે શિકારીની પેઠે એક શાસ્ત્રજીવી પોતાની શાસ્ત્રજાળમાં બને તેટલા વધારેમાં વધારે અનુયાયિઓને બાંધી રાખવા બીજા શાસ્ત્રજીવી સાથે વિવિધ રીતે કુસ્તીમાં ઉતરવા લાગ્યો, અને આચાર્ય સિદ્ધસેન કહે છે તેમ એક માંસના ટુકડા માટે લડનાર બે શ્વાનોમાં કદાચિત

મૈત્રી બંધાય પણ બે સગા ભાઈ શસ્ત્રજીવી એટલે વાદી હોય તેમાં મૈત્રીનો કદી જ મેળ નથી હોતો. એ સ્થિતિ સમાજમાં આ ને ઊભી રહી. બીજી બાજુ શસ્ત્રમૂર્તિવર્ગ પણ શસ્ત્રજીવી બન્યો હતો એટલે તેમાં પણ ભોગ વૈભવની હરિફાઈ અને કર્તવ્યચ્યુતિ દાખલ થઈ હતી. તેથી અનાથ અગર આશ્રિત પ્રજાવર્ગ પાલન કરવામાં પોતાની શક્તિ રોકવાને બદલે એ વર્ગ સત્તા અ મહત્તા વધારવાની પાછળ ગાંડોતુર થયો. પરિણામે એક શસ્ત્રજી અને બીજા શસ્ત્રજીવી વચ્ચે કોઈ અનાથ અગર નિર્બળની રક્ષા કારણે નહિ પણ અંગત દ્વેષ અને વૈરને કારણે યુદ્ધ શરૂ થયાં અ એ યુદ્ધાગ્નિમાં જે લાખો અને કરોડોની રક્ષા વાસ્તે તે વર્ગો સર્જા હતા અગર જેઓની રક્ષાને નિમિત્તે તે વર્ગને આટલું ગૌરવ પ્રાપ થયું હતું તે જ લાખો અને કરોડો લોકો હોમાયા. આ રીતે આપણ આર્યાવર્તનો ઇતિહાસ, શાસ્ત્ર અને શસ્ત્ર બન્ને દ્વારા વિશેષ કલુષિ થયો અને પોતાની પવિત્રતા અખંડિત રાખી ન શક્યો. એ જ સત્ય છે કે આ દેશમાં લાખો નહિ પણ કરોડો શાસ્ત્રજીવી વર્ગની વ્યક્તિ હોવા છતાં અજ્ઞાન અને વિખવાદનો પાર નથી, એટલું જ નહિ પણ ઊલટું એ વર્ગે અજ્ઞાન અને વિખવા વધારવામાં કે પોષવામાં પણ નાનોસૂનો ભાગ નથી ભજવ્યો [illegible]

અનિષ્ટ પરિણામ એ સંતતિ અને એ સમાજ ઉપર આવ્યું. શાસ્ત્રજીવી વર્ગ એટલો બધો નબળો અને પેટભરૂ થઈ ગયો કે તે પૈસા અને સત્તામાટે સત્ય વેચવા લાગ્યો. તે શસ્ત્રજીવી રાજા મહારાજાઓની ખુશામત કરે અને મોટપ માને. શસ્ત્રજીવી વર્ગ પણ કર્તવ્યપાલનને બદલે દાન દક્ષિણા આપીને જ પેલા ખુશામતી વર્ગ દ્વારા પોતાની ખ્યાતિ સાચવી રાખવાનો પ્રયત્ન કરવા લાગ્યો. આમ બન્ને વર્ગની બુદ્ધિ અને સત્તાના તેજમાં બીજા આશ્રિત લોકો ચગદાઈ ગયા અને છેવટે આખો સમાજ નિર્માલ્ય થઈ ગયો.

આપણે આજે પણ મોટે ભાગે જોઈએ છીએ કે કોઈ ઉપનિષદ અને ગીતાપાઠી તે શાસ્ત્રો વાંચી પાછળથી હિસાબ મૂકે છે કે દક્ષિણામાં કેટલું ઉત્પન્ન થયું. સપ્તાહમાં ભાગવત વાંચનાર બ્રાહ્મણની દૃષ્ટિ માત્ર દક્ષિણા તરફ હોય છે. અભ્યાસને બળે શ્લોકો ઉચ્ચારે જાય છે અને આંખ કોણે દક્ષિણા મૂકી અને કોણે ન મૂકી એ જોવા તરફ ફર્યા કરે છે. દુર્ગાસપ્તશતીનો પાઠ કરનાર મોટે ભાગે દક્ષિણા આપનાર માટે કરે છે. ગાયત્રિના જપો પણ દક્ષિણા દેનાર માટે થાય છે. એક યજમાન પાસેથી દક્ષિણા મેળવવા શાસ્ત્રજીવી વર્ગની અને એક યજમાનને ત્યાંથી સીધું મેળવવા તે વર્ગની અંદરોઅંદર જે મારામારી થાય છે તેને એક રોટીના ટુકડા માટે લડતા બે શ્વાનો સાથે સરખાવી શકાય. જમીનના એક નજીવા ટુકડા માટે પણ બે શસ્ત્રજીવીઓ હવે કોર્ટે એ જ રીતે લડે છે. વિશેષ શું ? શાસ્ત્રજીવી વર્ગમાં જે સ્વાર્થ અને સંકુચિતપણાનો દોષ દાખલ થયો તેની અસર બૌદ્ધ અને જૈનના ત્યાગી ગણાતા ભિક્ષુકવર્ગ ઉપર પણ થઈ. આ બે વર્ગમાં અંદરોઅંદર કુસંપ અને વિરોધ દાખલ થઈ ન અટકતાં તે તેના પેટા ભેદોમાં પણ દાખલ થયો. દિગંબર જૈન ભિક્ષુ શ્વેતાંબર ભિક્ષુને અને શ્વેતાંબર ભિક્ષુ દિગંબરને હલકી દૃષ્ટિથી જોવા લાગ્યો. ઉદારતાને બદલે બન્નેમાં સંકુચિતતા વધવા અને પોષાવા લાગી. અને એક શ્વેતાંબર ભિક્ષુ વર્ગમાં પણ શાસ્ત્રને નામે ખૂબ વિરોધ અને તડ જન્મ્યાં અને

આધ્યાત્મિક ગણાતા તેમજ આધ્યાત્મિક તરીકે પૂજાતાં શાસ્ત્રોનો ઉપયોગ એક યા બીજી રીતે દ્રવ્ય ઉત્પન્ન કરવામાં, વિશેષ સાથે [illegible] વધારવામાં, અને પોતપોતાની અંગત દુકાનો ચલાવવામાં થવા લાગ્યો. આ રીતે શાસ્ત્રે શસ્ત્રનું સ્થાન લીધું, અને તે પણ ખરી રીતે તો શુદ્ધ શસ્ત્રનું નહિ પરંતુ ઝેરી શસ્ત્રનું સ્થાન લીધું. તેથી જ આજે જો કોઈ કંકાસના બીજ વધારે દેખાતાં હોય અગર વધારે વ્યાપક રીતે કલેશ કંકાસ ફેલાવવાની વ્યાપકતા દેખાતી હોય તો તે ત્યાગી કહેવાતા છતાં શાસ્ત્રજીવી વર્ગમાં જ છે અને એની અસર જ્યાં ત્યાં આખા સમાજ ઉપર પડેલી છે.

આ તો અત્યાર સુધીની ભૂતકાળની વાત થઈ. પણ વર્તમાનમાં અને ભવિષ્યમાં શું કરવું એ એક પ્રશ્ન ઊભો થાય [illegible] શું શસ્ત્ર [illegible] કે શસ્ત્ર દ્વારા ફેલાએલું વિષ શું અને શસ્ત્ર [illegible] થઈ શકે ? તે માટે [illegible] રસ્તો છે ? [illegible] યુરોપમાં શસ્ત્ર [illegible] છે. પણ [illegible] આવવાની [illegible]

ાકસંપી છે. આ તત્ત્વ ઉદારતા અને જ્ઞાનવૃદ્ધિ સિવાય કદિ સંભવી કતું નથી. ભિન્ન ભિન્ન શાસ્ત્રને અનુસરનાર જુદા જુદા ંથો અને વર્ગો માત્ર ઉદારતા અને જ્ઞાનવૃદ્ધિને બળે જ હળીમળી ૨કસંપથી કરવાનાં કામો કરી શકે. આપણે ઘણાય એવા પુરુષો જોઈએ છીએ કે જેઓ એક પંથ કે એક શાસ્ત્રના અનુયાયી નથી છતાં એકદીલ થઈ સમાજ અને દેશનું કામ કરે છે. અને આપણે એવા પણ ઘણા માણસો જોઈએ છીએ કે જેઓ એક જ સંપ્રદાયનાં શાસ્ત્રોને સરખી રીતે માનવા છતાં એક બીજા સાથે હળીમળીને કામ કરવાની વાત તો બાજુએ રહી પણ એક બીજાનું નામ પણ સહન કરી શકતા નથી. આ વસ્તુસ્થિતિ આપણને શું સૂચવે છે તે હવે કહેવાની ભાગ્યે જ જરૂર છે. જ્યાંસુધી મનમાં મેલ હશે, એકબીજા પ્રત્યે આદર અગર તટસ્થતા નહિ હોય અને લેશ પણ અદેખાઈ હશે, ત્યાંસુધી ભગવાનની સાક્ષીએ એક શાસ્ત્રને માનવાનાં અને અનુસરવાનાં વ્રતો લેવા છતાં કદિ એકતા નહિ સધાવાની, શાન્તિ નહિજ સ્થાપવાની. એ વસ્તુ જો ધ્યાનમાં ન ઉતરે તો કહેવું જોઈએ કે તે માણસ ઇતિહાસ અને માનસશાસ્ત્રને સમજી નથી શકતો.

આપણો સમાજ અને દેશ કલેશના વમળમાં સંડોવાયો છે. તે આપણી પાસે વધારે નહિ તો એટલી આશા રાખે જ છે કે હવે કલેશ ન પોષીએ. જો આપણે ઉદારતા અને જ્ઞાનશક્તિ કેળવીએ તો જ સમાજ અને દેશની માગણીને આપણે વફાદાર રહી શકીએ. જૈન તત્ત્વજ્ઞાનમાં અનેકાંત અને આચારમાં અહિંસા મૂકવામાં આવેલ છે તેનો ઉદ્દેશ માત્ર એ જ છે કે તમે જૈન તરીકે અંદરોઅંદર અને બીજા સમાજો સાથે ઉદારતાથી અને પ્રેમથી વર્તો. જ્યાં ભેદ અને વિરોધ હોય ત્યાં જ ઉદારતા અને પ્રેમનું કામ પડે છે અને ત્યાં જ તે અંતઃકરણમાં છે કે નહિ અને છે તો કેટલા પ્રમાણમાં છે એવી પરીક્ષા થાય છે. એટલે આપણે જૈનપણાને જો સ જતા હોઈએ તો સીધી રીતે સમજી શકીએ કે ઉદારતા

પ્રેમ—વૃત્તિ દ્વારા જ આપણે ધર્મરક્ષા કરી શકીએ અને
કોઈ રીતે નહિ જ. શાસ્ત્રની ઉત્પત્તિ અને તેના ઉપયોગનો ઉદ્દેશ એ
છે. જો એ ઉદ્દેશ એનાથી ન સાધીએ તો એ રક્ષણને બદલે
શસ્ત્રની પેઠે ભક્ષણનું કામ કરશે અને શાસ્ત્ર પોતાનું માત્રા
નષ્ટ કરી શસ્ત્ર સાબીત થશે.

ઉદારતા બે જાતની: એક તો વિરોધી અગર ભિન્ન પ્રવ
પ્રત્યે તટસ્થપણું કેળવવાની અને બીજી આદર્શ મહાન બનાવ
જ્યારે આદર્શ તદ્દન સાંકડો હોય, અંગત કે પંથ પૂરતો આ
હોય, ત્યારે માણસનું મન સ્વભાવે જ વિશાળ તત્ત્વનું બનેલું હોવ
એ સાંકડા આદર્શમાં ગભરાય છે અને ફેરવેરની બહાર બા
બારીઓ શોધે છે. એ મનની સામે જો વિશાળ આદર્શ રાખ
આવે તો તેને જોઈતું ક્ષેત્ર મળી જાય છે અને તેની શક્તિ
કંકાસ વાળને કાજળ રહેતી જ નથી. એટલે ધર્મપ્રેમી થવા ઇ
નાર દરેકની એ ફરજ છે કે તે પોતાનો આદર્શ વિશાળ બ
તે માટે મનને તૈયાર કરે. બીજી બાજુ જ્ઞાન-વૃદ્ધિ એટલે
મનુષ્યમાત્રમાં જ્ઞાનની ભૂખ સ્વભાવે જ હોય છે. એ ભૂખ
જુદા જુદા પંથોના, ધર્મોના, અને બીજી અનેક શાખાઓના શા
સહાનુભૂતિપૂર્વક અભ્યાસ કરીને જ શમાવવી જો મનનુ
હોય તો જ બીજી બાજુને બરાબર સમજી શકાય. આ રીતે આપણ
બાજે ઉદારતા અને જ્ઞાન-વૃદ્ધિ ધર્મરક્ષાની યોજના બ
પેર. કરીએ.

—[illegible]

આસ્તિક અને નાસ્તિક શબ્દની મીમાંસા

બહુ જૂના વખતમાં જ્યારે આર્ય ઋષિઓએ પુનર્જન્મની શોધ કરી ત્યારે પુનર્જન્મના વિચાર સાથે જ તેમને કર્મના નિયમો અને આ લોક તેમજ પરલોકની કલ્પના પણ આવી. કર્મતત્ત્વ, ઇહલોક, અને પરલોક એટલું તો પુનર્જન્મ સાથે સંકળાએલું છે જ. આ વસ્તુ એકદમ સીધે સીધી અને સૌને સહેલાઈથી ગળે ઉતરે એવી તો નથી જ એટલે હંમેશાં એને વિષે ઓછોવત્તો મતભેદ રહે છે. તે જૂના જમાનામાં પણ એક નાનો કે મોટો એવો વર્ગ હતો કે જે પુનર્જન્મ અને કર્મચક્ર વગેરે માનવા તદ્દન તૈયાર ન હતો. અને પુનર્જન્મવાદીઓ સાથે વખતે ચર્ચા પણ કરતો. તે વખતે પુનર્જન્મશોધક અને પુનર્જન્મવાદી ઋષિઓએ પોતાના મંતવ્યને ન માનનાર પુનર્જન્મવિરોધી સામા પક્ષને નાસ્તિક કહી ઓળખાવ્યો, અને પોતાના પક્ષને આસ્તિક તરીકે જણાવ્યો. આ શાન્ત અને વિદ્વાન ઋષિઓએ જ્યારે પોતાના પક્ષને આસ્તિક કહ્યો ત્યારે એનો અર્થ એટલો જ હતો કે અમે પુનર્જન્મ, કર્મતત્ત્વ માનનાર પક્ષના છીએ અને તેથી જ જે પક્ષ એ તત્ત્વ નથી માનતો તેને માત્ર અમારા પક્ષથી ભિન્ન પક્ષ તરીકે ઓળખાવવા 'ન' શબ્દ ઉમેરી નાસ્તિક કહીએ છીએ. એ સમભાવી ઋષિઓ તે વખતે આસ્તિક અને નાસ્તિક એ બે શબ્દ માત્ર અમુક પ્રકારના બે ભિન્ન પક્ષોને સૂચવવા માટે જ વાપરતા. તે સિવાય એથી વધારે એ શબ્દના વાપરની પાછળ કોઈ અર્થ ન હતો. આ શબ્દો ખૂબ ગમ્યા અને સૌને અનુકૂળ થઈ પડ્યા. વખત જતાં વળી ઈશ્વરની માન્યતાનો

પ્રશ્ન આવ્યો. ઈશ્વર છે અને તે જગતનો કર્તા પણ છે એમ માનનાર એક પક્ષ હતો. બીજો પક્ષ કહેતો કે સ્વતંત્ર ઈશ્વર ઈશ્વર જેવું તત્ત્વ નથી અને હોય તોપણ તેને જગતના સર્જન સાથે કંઈ સંબંધ નથી. આ બે ભિન્ન પક્ષો અને તેની અનેક શાખાઓ અસ્તિત્વમાં આવી ત્યારે પેલા આસ્તિક અને નાસ્તિક શબ્દ જે એક વખતે માત્ર પુનર્જન્મ-વાદી અને પુનર્જન્મ-વિરોધી પક્ષ પૂરતા જ હતા તે બન્ને શબ્દો ઈશ્વરવાદી અને ઈશ્વર-વિરોધી એ બે પક્ષ માટે પણ વપરાવા લાગ્યા. આ રીતે આસ્તિક અને નાસ્તિક શબ્દના અર્થનું ક્ષેત્ર પુનર્જન્મના અસ્તિત્વ નાસ્તિત્વથી વધારે વિસ્તૃત ઈશ્વરના અસ્તિત્વ નાસ્તિત્વ સુધી ગયું. હવે પુનર્જન્મ માનનાર વર્ગમાં પણ ઈશ્વરને માનનાર અને ન માનનાર બે પક્ષો પડી ગયા હતા એટલે પોતાને આસ્તિક તરીકે ઓળખાવનાર આર્યોની સામે પણ પોતાની પરંપરામાં બે ભિન્ન પાર્ટીઓ હતી. અને તે વખતે પણ તેઓને ઈશ્વર ન માનનાર પક્ષ જો કે તે પણ પુનર્જન્મવાદી હોઈ પોતાની આસ્તિક શ્રેણિનો હતો છતાં તેને નાસ્તિક કહેવાની ઈચ્છા થઈ કે તેને નાસ્તિક તરીકે ઓળખાવવાની [illegible] સુધી એ શબ્દોની [illegible] [illegible]

[illegible]

તો કે જે વેદનું પ્રામાણ્ય પૂરેપૂરું સ્વીકારતો તેની સાથે જ એક એવો પણ મોટો અને પ્રાચીન પક્ષ હતો કે જે પુનર્જન્મમાં માનતો, વેદનું પ્રામાણ્ય સંપૂર્ણતયા સ્વીકારતો છતાં ઈશ્વરતત્ત્વમાં ન માનતો. હવે અહીં આસ્તિક નાસ્તિક શબ્દનો ભારે ગોટાળો થયો. ઈશ્વરને ન માનવાથી જો નાસ્તિક કહેવામાં આવે તો પુનર્જન્મ અને વેદનું પ્રામાણ્ય સ્વીકારનાર પોતાના સગા ભાઈ મીમાંસકને પણ નાસ્તિક કહેવા પડે એટલે મનુ મહારાજે આ ગૂંચમાંથી મુક્તિ મેળવવા નાસ્તિક શબ્દની ટૂંકી વ્યાખ્યા કરી દીધી અને તે એ કે વેદનિંદક હોય તે નાસ્તિક. આ હિસાબે સાંખ્ય લોકો જે નિરીશ્વરવાદી હોઈ એકવાર નાસ્તિક ગણાતા તે પણ વેદનું અમુક અંશે પ્રામાણ્ય સ્વીકારતા હોવાથી ધીરે ધીરે નાસ્તિક કહેવાતા મટી આસ્તિક ગણાવા લાગ્યા, અને જૈન, બૌદ્ધ જેવા જે વેદનું પ્રામાણ્ય તદ્દન જ ન સ્વીકારતા તેઓ નાસ્તિક પક્ષમાં રહ્યા. અહીં સુધી તો આસ્તિક નાસ્તિક શબ્દના પ્રયોગ વિષે થયું.

હવે બીજી બાજુએ, જેમ પુનર્જન્મવાદી અને વેદવાદી લોકો પોતાથી નિભિન્ન એવા પક્ષને માટે ઓળખાણ ખાતર નાસ્તિક શબ્દ વાપરતા અને વ્યવહારમાં કોઈક શબ્દ વાપરવાની જરૂર તો પડે જ, તેમ પેલા વિભિન્ન પક્ષવાળાઓ પણ પોતાના પક્ષને અને સામા પક્ષને ઓળખાવવા અમુક શબ્દો વાપરતા. તે શબ્દો બીજા કોઈ નહિ પણ સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ. પુનર્જન્મને માનવા છતાં પણ કેટલાક વિચારો પોતાના ઊંડા વિચાર અને મનનને પરિણામે એમ જોઈ શક્યા હતા કે સ્વતંત્ર ઈશ્વર જેવી વસ્તુ નથી; અને તેથી તેઓએ ભારેમાં ભારે વિરોધ અને જોખમ વહોરીને પણ પોતાનો વિચાર લોક સમક્ષ મૂક્યો હતો. એ વિચાર મૂકવા જતાં છેવટે વેદોનું પ્રામાણ્ય સ્વીકારવાની ના પાડી હતી. એ લોકો એમ ધારતા અને સાચે જ પ્રામાણિકપણે ધારતા કે તેઓની દૃષ્ટિ એટલે માન્યતા સમ્યક્ એટલે સાચી છે અને સામા વેદવાળા પક્ષની માન્યતા મિથ્યા એટલે ભ્રાન્ત છે. તેથી માત્ર

સમભાવે તેમણે પોતાના પક્ષને સમ્યગ્દૃષ્ટિ અને સામાને મિથ્યાદૃષ્ટિ તરીકે ઓળખાવ્યો. આ રીતે જેમ સંસ્કૃતજ્ઞી વિદ્વાનોએ પોતાના પક્ષ માટે આસ્તિક અને પોતાથી ભિન્ન પક્ષ માટે નાસ્તિક એ શબ્દો વ્યવહારખાતર યોજ્યા હતા તેમ પ્રાકૃતજ્ઞી જૈન અને બૌદ્ધ તપસ્વીઓએ પણ પોતાના પક્ષ માટે સમ્યગ્દૃષ્ટિ (સમ્માદિટ્ઠિ) અને પોતાથી ભિન્ન પક્ષ માટે મિથ્યાદૃષ્ટિ (મિચ્છાદિટ્ઠિ) શબ્દ યોજ્યા. પણ એટલાથી કાંઈ અંત આવે તેમ થોડું હતું ! મત અને મતભેદો વધતા જ જતા. [illegible] જ ફેલાતું જાય છે એટલે જૈન અને બૌદ્ધ બન્ને [illegible] હેવા છતાં તે બન્ને વચ્ચે પણ પ્રબળ મતભેદ હતો.

તેથી [illegible] પોતાના જ પક્ષને સમ્યગ્દૃષ્ટિ કહી વેદ [illegible] પ્રામાણ્ય [illegible] પોતાના બૌદ્ધ મિત્રને પણ મિથ્યાદૃષ્ટિ [illegible] રીતે બૌદ્ધોએ [illegible] પોતાને સમ્યગ્દૃષ્ટિ અને પોતાના [illegible] પક્ષને મિથ્યાદૃષ્ટિ કહ્યો. ખરી રીતે જેમ આસ્તિક [illegible] અને મિથ્યાદૃષ્ટિ એ બે શબ્દો પણ [illegible] ભિન્ન [illegible] એ પક્ષે પૂરતા જ હતા, [illegible] પોતાના પક્ષને આસ્તિક [illegible] મિથ્યાદૃષ્ટિ તરીકે [illegible].

[illegible]

ગિણ. લુચ્ચો સંસ્કૃતમાં લુંચક અને પ્રાકૃતમાં લુંચઓ. બાવો સંસ્કૃતમાં વપ્તા અને પ્રાકૃતમાં વપ્પા અથવા બપ્પા.

જે માત્ર કુટુંબ અને માલમત્તા જ નહિ પણ કપડાં સુદ્ધાંનો તદ્દન ત્યાગ કરી આત્મશોધન માટે નિર્મમત્વવ્રત ધારણ કરતો અને મહાન આદર્શ નજર સામે રાખી જંગલમાં એકાકિ સિંહની પેઠે વિચરતો તે પૂજ્ય પુરુષ નગ્ન કહેવાતો. ભગવાન મહાવીર આજ અર્થમાં નગ્ન તરીકે પ્રખ્યાતિ પામ્યા છે. પરિગ્રહનો ત્યાગ કરી અને દેહદમનનું વ્રત સ્વીકારી આત્મસાધના માટે જે ત્યાગી થતો અને પોતાના મસ્તકના વાળને પોતાને જ હાથે ખેંચી કાઢતો તે લુંચક અર્થાત્ લોચ કરનાર કહેવાતો. એ શબ્દ શુદ્ધ ત્યાગ અને દેહદમન સૂચવનાર હતો. વપ્તા એટલે સર્જક અને સર્જક એટલે વડિલ અને સંતાનનો પૂજ્ય. આ અર્થમાં બપ્પા અને બાવા શબ્દ વપરાતો. પરંતુ હંમેશાં શબ્દોના વપરાશની મર્યાદા એક સરખી નથી રહેતી. તેનું ક્ષેત્ર નાનું મોટું અને વખતે વિકૃત થઈ જાય છે. નગ્ન એટલે વસ્ત્રરહિત તપસ્વી; ને આવો તપસ્વી એટલે માત્ર એક કુટુંબ અગર એક જ પરિવારની જવાબદારી છોડી વસુધાકુટુંબિક બનનાર અને આખા વિશ્વની જવાબદારીનો વિચાર કરનાર. પરંતુ કેટલાક માણસો કુટુંબમાં એવા નીકળે કે જેઓ નબળાઇને લીધે પોતાની કૌટુંબિક જવાબદારી ફેંકી દે છે, અને તેની જગોએ વધારે સારી અને વધારે વ્યાપક જવાબદારી સ્વીકારવાને બદલે આળસ અને અજ્ઞાનને લીધે તેઓ પોતાના કુટુંબને અને પોતાની જાત સુદ્ધાંને બીનજવાબદાર થઈ ભટકતા અને રખડતા રામ થઈ જાય છે. આવા માણસો અને પેલા જવાબદાર નગ્ન તપસ્વીઓ વચ્ચે ઘર પ્રત્યેની બીનજવાબદારી પૂરતું, ઘર છોડી ગમે ત્યાં ભટકવા પૂરતું સામ્ય હોય છે. આટલા સામ્યને લીધે પેલા બીનજવાબદાર માણસના લાગતાવળગતાઓએ તે રખડતા રામને તિરસ્કારસૂચક તરીકે અગર પોતાની અરુચિ દર્શાવવા તરીકે નાગો (નગ્ન) કહ્યો. આ રીતે વ્યવહારમાં જ્યારે કોઈ એક જવાબદારી

છોડે, આપેલું વચન ન પાળે, માથેનું કરજ અદા ન કરે, તેને ન આપે ત્યારે પણ તે તિરસ્કાર અને અણગમાના વિષય નગ્ન કહેવાયો. બસ! ધીરે ધીરે પેલો મૂળ નગ્ન શબ્દ પોતાના તપ, ત્યાગ અને પૂજ્યતાના અર્થમાંથી સરી ધીરે ધીરે માત્ર જવાબદાર એ અર્થમાં આવીને અટક્યો અને આજે તો એમ થયું છે કે કોઈ ત્યાગી સુદ્ધાં પોતાને માટે નાગો શબ્દ પસંદ કરતો. દિગંબર ભિક્ષુકો જેઓ તદ્દન નગ્ન હોય તેઓને પણ નાગો કહેવામાં આવે તો તેઓ પોતાનો તિરસ્કાર અને અપમાન માને. લુચ્ચક શબ્દે પણ પોતાનું પવિત્ર સ્થાન ગુમાવ્યું છે, અને ન પાળે, બીજાને ઠગે તેટલા જ અર્થમાં સ્થાન લીધું છે. શબ્દ તો મર્યાદાર બાળકોને ભડકાવવાના અર્થમાં જ વપરાય અને કેટલીકવાર તો કશી જ જવાબદારી ન ધરાવતો હોય તેવા અને પેટભરા માટે પણ વપરાય છે. આ રીતે ઉપયોગની સારા કે નરસા, આદર કે તિરસ્કાર, સંકુચિત કે વિસ્તૃત આ શબ્દો પણ એક જ છતાં ક્યારેક સારા, ક્યારેક નરસા, ક્યારે આદરસૂચક, ક્યારેક તિરસ્કારસૂચક અને ક્યારેક સંકુચિત અર્થ તેમ વિસ્તૃત અર્થવાળા જોવામાં આવે છે. આ [illegible] [illegible] અર્થમાં [illegible] છે.

ઉપર કહેલ નાસ્તિક અને મિથ્યાદૃષ્ટિ શબ્દની શ્રેણીમાં [illegible] બીજા બે શબ્દો [illegible] છે. તેમાંનો એક નિહ્નવ શબ્દ છે [illegible] અને બીજો [illegible] [illegible]

ણ સંઘનો ન હોય તે હરકોઈને જૈનાભાસ તરીકે ઓળખાવવામાં આવ્યો છે જેમાં શ્વેતાંબરો પણ આવી જાય છે. શ્વેતાંબર શાસ્ત્રકારોએ જૂના વખતમાં તો અમુક જ મતભેદ ધરાવનાર અમુક જ લોકોને નિહ્નવ કહેલા પણ પાછળથી જ્યારે દિગંબર શાખા તદ્દન જુદી પડી ત્યારે તેને પણ નિહ્નવ કહી. આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે બે મુખ્ય શાખાઓ શ્વેતાંબર અને દિગંબર એક બીજાને પોતાનાથી ભિન્ન શાખા તરીકે ઓળખાવવા અમુક શબ્દો યોજે છે અને પછી ધીરે ધીરે એક જ શાખામાં જ્યારે પેટા ભેદો પડવા લાગે છે ત્યારે પણ કોઈ એક પેટા ભેદ બીજા પેટા ભેદો માટે તે શબ્દો વાપરે છે.

અહીં આપણે એક બાબત ઉપર લક્ષ આપ્યા સિવાય રહી શકતા નથી અને તે એ છે કે આસ્તિક અને નાસ્તિક શબ્દોની પાછળ માત્ર હકાર અને નકારનો જ ભાવ છે, જ્યારે સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ શબ્દની પાછળ તેથી કાંઈક વધારે ભાવ છે. તેમાં પોતાનું યથાર્થપણું અને બીજા પક્ષનું ભ્રાન્તપણું ખાત્રીથી સૂચવાય છે. એ ભાવ જરા આકરો અને કાંઈક અંશે કડવો પણ છે એટલે પ્રથમના શબ્દો કરતાં પાછળના શબ્દોમાં જરા ઉગ્રતા સૂચવાય છે. વળી જેમ જેમ સાંપ્રદાયિકતા અને મતાંધતા વધતી ચાલી તેમ તેમ કટુકતા વધારે ઉગ્ર બની. તેને પરિણામે નિહ્નવ અને જૈનાભાસ જેવા ઉગ્ર શબ્દો સામા પક્ષ માટે અસ્તિત્વમાં આવ્યા. અહીં સુધી તો માત્ર આ શબ્દોનો કાંઈક ઇતિહાસ જ આવ્યો. હવે આપણે વર્તમાન સ્થિતિ ઉપર નજર કરીએ.

અત્યારે આ શબ્દોમાં ભારે ગોટાળો થઈ ગયો છે. એ શબ્દો હવે તેના મૂળ અર્થમાં નથી રહ્યા, તેમ જ નવા અર્થમાં પણ ચોક્કસ અને મર્યાદિત રીતે નથી યોજાતા. ખરું કહીએ તો અત્યારે એ શબ્દો નાગો, લુચ્ચો, અને બાવો શબ્દની પેઠે માત્ર ગાળ રૂપે

અથવા તિરસ્કાર સૂચક રીતે ઠરેઠાઈ વાપરે છે. સાચી બાબત રજુ કરનાર અને આગળ જતાં જે વિચાર પોતાને અગર પોતાની સંતતિને અવશ્યમેવ સ્વીકારવા લાયક હોય છે તે વિચાર મૂકનારને શરૂઆતમાં રૂઢિગામી, સ્વાર્થી અને અવિચારી લોકો નાસ્તિક કહી હેતારી પાડવા પ્રયત્ન કરે છે. મથુરા વૃંદાવનમાં મંદિરોના ખડકી તે દ્વારા માત્ર પેટ ભરનાર અને ઘણીવાર તો ઘરો અનાચાર પોષનાર પંડ્યા કે ગોસાંઈઓના પાખંડનો મહર્ષિ દયાનંદે વિરોધ કર્યો અને કહ્યું કે આતો મૂર્તિપૂજા નહિ પણ ઉદરપૂજા છે. વળી કાશી અને ગયાના શ્રાદ્ધ સરાવી તાગડધીન્ના કરનાર અને વધારામાં અનાચાર પોષનાર પંડ્યાઓને સ્વામીજીએ કે આ શ્રાદ્ધ પિતરોને નથી પહોંચતો પણ તમારા પેટમાં જ પહોંચે છે એમ કહ્યું તેમણે સમાજમાં સદાચાર, વિદ્યા [illegible] જ્યારે પ્રયત્ન કર્યો ત્યારે તુરત જ [illegible] નાસ્તિક કહ્યા. એ લોકો [illegible] એટલા અને નાસ્તિક [illegible] પણ જૂના લોકો [illegible]

માતમાં નાસ્તિક અને મિથ્યાદૃષ્ટિ શબ્દો સુધારક અને વિચારક વપરાવા લાગ્યા, અને હવે તો તે એવા સ્થિર થઈ ગયા છે કે મોટે ભાગે વિચારશીલ, સુધારક અને કોઈ વસ્તુની યોગ્યાયોગ્યતાની ક્ષા કરનાર માટે જ વપરાય છે. જૂનાં બંધનો, જૂના યમો, જૂની મર્યાદાઓ અને જૂના રીતરિવાજો દેશકાળ અને રિસ્થિતિને લીધે અમુક અંશે બંધ બેસતાં નથી. તેના સ્થાનમાં મુક પ્રકારનું બંધન અને અમુક પ્રકારની મર્યાદા રાખીએ તો માજને વધારે લાભ થાય. અજ્ઞાન અને સંકુચિતતાની જગોએ ાન અને ઉદારતા સ્થાપીએ તો જ સમાજ સુખી રહી શકે. ધર્મ ે જો વિખવાદ વધારતો હોય તો તે ધર્મ હોઈ ન શકે; એવી ીધી સાદી અને સર્વમાન્ય બાબતો કહેનાર કોઈ નીકળ્યો કે તુરત જ અત્યારે તેને નાસ્તિક, મિથ્યાદૃષ્ટિ અગર જૈનાભાસ કહેવામાં આવે છે. આ રીતે શબ્દોના ઉપયોગની અંધાધુંધીનું પરિણામ એ આવ્યું છે કે હવે નાસ્તિક શબ્દની જ પ્રતિષ્ઠા વધી ગઈ છે. એક વખતે રાજમાન્ય શબ્દની અને લોકમાન્ય શબ્દની પ્રતિષ્ઠા હતી. પણ જ્યારે સમાજ ઊંચો ઊઠયો ત્યારે તેને રાજમાન્ય શબ્દ ખટકયો અને રાજમાન્ય થવામાં ઘણીવાર સમાજદ્રોહ તેમ જ દેશદ્રોહ પણ જણાયો; અને રાજદ્રોહ શબ્દ જે એકવાર ભારે ગુનાહિત માટે જ વપરાતો અને અપમાનસૂચક દેખાતો તેની પ્રતિષ્ઠા વધી પડી. આજે તો દેશ અને સમાજમાં એવું વાતાવરણ પેદા થયું છે કે તે રાજદ્રોહ શબ્દને પૂજે છે અને પોતાને રાજદ્રોહી જાહેર રીતે કહેવરાવવા દજારો જ નહિ પણ લાખો સ્ત્રી અને પુરુષો બહાર આવે છે અને લોકો તેમને સત્કારે છે. માત્ર હિન્દુસ્તાનનો જ નહિ પણ આખી દુનિયાનો મહાન સંત એ મહાન રાજદ્રોહના અર્થમાં જ રાજદ્રોહી છે. આ રીતે નાસ્તિક અને મિથ્યાદૃષ્ટિ જે એક વખતે ફક્ત પોતાથી ભિન્ન પક્ષ ધરાવનાર માટે વપરાતા અને પછી કોઈક દર્શનના ભાવમાં વપરાતા તે અત્યારે પ્રતિષ્ઠિત જેવા થતા જાય છે. અંતમાં એ પણ

માણસ છે. એની સેવા લઈ એનો તિરસ્કાર કરવો એમાં ગુનો છે. વૈધવ્ય મરજીઆત હોઈ શકે, ફરજીઆત નહિ એવો ગાંધીજીએ મૂક્યો કે તેમને પણ મનુના વારસદાર કોઈના પ પ્રથમ નાસ્તિક કહ્યા, મીઠા શબ્દમાં આર્યસમાજિક કહ્યા અને ક્રિશ્ચિયન કહ્યા. વાદરા અને વાછડાની ચર્ચા આવી કે વળી તેમને હિંસક કહ્યા અને ખરેખર ગાંધીજી જો રાજપ્રકરણમ ન હોત અને આવડી મોટી સલ્તનત સામે ઝઝુમ્યા ન હોત તેમનામાં પોતાના વિચારો જગદ્વ્યાપી કરવાની શક્તિ ન હે તેઓ અત્યારે જે કહે છે તેજ અંત્યજ અને વિધવા વિષે કહે ત્યારે નાસ્તિક અને નર્યા મનાત અને મનુના વારસદાર સત્વ તો ભૂલાઈ પણ જાત.

[illegible] પુરાતનપ્રેમીઓએ આવેશમાં આવી [illegible] માણસને પણ [illegible] નાસ્તિક [illegible] શબ્દો વાપર્યા [illegible]

પણા અનુચિતપણાનો વિચાર ન કરે; કોઈ પણ વસ્તુની
અગર તર્ક–કસોટી સહન ન કરે, સાચું કે ખોટું કાંઈ પણ
ા સિવાય નવા વિચાર, નવી શોધ અને નવી પદ્ધતિ માત્રથી
અને છતાંય કાળક્રમે એને પરાણે વશ થતો જાય તે
સ્તિક, તે સમ્યગ્દૃષ્ટિ. આ રીતે વિચારક અને પરીક્ષક અગર
ધાન અર્થમાં નાસ્તિક આદિ શબ્દોની પ્રતિષ્ઠા જામતી જાય
અને કદાગ્રહી, ઝનુની એવા અર્થમાં આસ્તિક આદિ શબ્દોની
ા થતી દેખાય છે. આ જમાનામાં જ્યારે શસ્ત્રથી લડવાનું ન
ત્યારે દરેકને માટે લડવાની વૃત્તિ તૃપ્ત કરવાનો આવો શાબ્દિક
ં રહ્યો હતો અને નાસ્તિક કે મિથ્યાદૃષ્ટિ શબ્દોના ગોળા
તા. પણ આ અહિંસક યુગે જેમ શસ્ત્રને નિષ્ક્રિય કર્યાં તેમ
નાસ્તિક આદિ શબ્દો જે વિષમય અસ્ત્રની પેઠે ફેંકાતા તેને
નિર્વિષ અને ઘણીવાર તો જીવનપ્રદ અમૃત જેવા બનાવ્યા.
ક્રાન્તિયુગનો પ્રભાવ છે પણ આથી કોઈ વિચારકે કે સુધારકે
ખાસ પોતાનું કર્તવ્ય ભૂલી જવાનું નથી. ઘણીવાર ક્ષુલ્લક વિચા-
અને ભીરુ સ્વાર્થી સુધારકો પોતાને નાસ્તિક કહેવડાવીને પણ
ામા પક્ષને અન્યાય કરવા તૈયાર થાય છે તેઓએ પણ ચેતવાનું
. ખરી રીતે કોઈ પક્ષકારે આવેશ કે ઝનુનમાં આવી જઈ બીજા
ક્ષને માત્ર વગોવવા ખાતર કોઈ પણ જાતના શબ્દનો પ્રયોગ કરવો
રે તાત્ત્વિક દૃષ્ટિએ હિંસા જ છે. પોતાનાથી ભિન્ન વિચાર ધરાવનાર
ાટે સમભાવે અને પ્રેમથી યોગ્ય શબ્દ વાપરવો એ એક વાત છે
અને ઝનુનમાં આવી બીજાને ઉતારી પાડવા ઠઠ્ઠ ઓછાંગી અમુક
ાબ્દો વાપરવા એ બીજી વાત છે; છતાં દરેક બોલનારને મોઢે કોઈ
તાળું દેવાનું નથી અગર દરેક લખનારના હાથ કોઈ બંધાતા નથી,
એટલે કોઈ ઉતાવળિયાઓ જ્યારે ભિન્ન મત ધરાવનાર માટે અમુક
શબ્દ વાપરે ત્યારે ભિન્ન મત ધરાવનારની અહિંસક ફરજ શી છે તે
ઉપર આપણે વિચારી જવું જોઈએ.

પહેલું તો એ કે પોતાને માટે જ્યારે કોઈએ નાસ્તિક કે બીજો શબ્દ વાપર્યો હોય ત્યારે એટલું જ વિચારવું કે તે ભાઈએ મારે માટે ફક્ત જુદો મત ધરાવનાર અથવા એના મતને ન માનનાર એટલા જ અર્થમાં સમભાવે અને વસ્તુસ્થિતિ-સૂચક શબ્દ વાપર્યો છે. એ ભાઈની એ શબ્દ વાપરવાની પાછળ કાંઈ દુર્વૃત્તિ નથી એમ વિચારી તેના પ્રત્યે પણ પ્રેમવૃત્તિ અને ઉદારતા કેળવવી.

બીજું એ કે જો એમજ લાગે કે અમુક પક્ષકારે મારે માટે આવેશમાં આવી નિંદાની દૃષ્ટિથી અમુક શબ્દ વાપર્યો છે તો એમ વિચારવું કે એ ભાઈની ભૂમિકામાં આવેશ અને સંકુચિતપણાનાં તત્ત્વો છે, એ તત્ત્વોનો એ માલિક છે અને જે વસ્તુનો જે માલિક હોય તે માણસ તે વસ્તુનો મરજી પ્રમાણે ઉપયોગ કરે જ એમ છે. તેનામાં જો આવેશનું તત્ત્વ હોય તો ધીરજ ક્યાંથી આવવાની? અને જો સંકુચિતપણું હોય તો ઉદારતા ક્યાંથી પ્રગટે? અને જો આવેશ અને સંકુચિતતાના સ્થાનમાં ધૈર્ય અને ઉદારતા તેનામાં આવવા દેવા હોય તો તે એ જ રીતે આવી શકે કે [illegible] અને તેવા કડવા શબ્દો વચ્ચે પણ પોતાનામાં ધીરજ અને ઉદારતા [illegible] જ રહે.

ત્રીજું એ કે જ્યારે કોઈ પોતાના મત અને વિચારની [illegible]

જો આ રીતે વિચારવામાં અને વર્ત્તવામાં આવે તો શબ્દની ારામારીનું ઝેર ઓછું થઈ જાય. ભાષાસમિતિની અને વચન-ુપ્તિની જે પ્રતિષ્ઠા લગભગ લોપ પામતી જાય છે તે પાછી જામે ને શાન્તિનું વાતાવરણ ઊભું થાય. આ પુણ્ય-દિવસોમાં આપણે ેટલું જ ઇચ્છીએ.

—સુખલાલ

સર્વ ધર્મના મૂળ સિદ્ધાંતો

ભાઈઓ અને બહેનો,

આજે હું બોલવા ઊભો થયો છું, તેનો અર્થ એમ નથી કે [illegible] જ્ઞાન છે અને હું તમને સમજાવી શકું. મને લાગે છે [illegible] સિદ્ધાંતોમાં પડ્યા [illegible] [illegible] [illegible] તે તમારી સમજ [illegible] અને [illegible] બહેનો [illegible] [illegible] કરું છું.

[illegible] એક જ છે અને [illegible] જુદી જુદી [illegible] [illegible] જુદી જુદી છે. [illegible]

[illegible]

વસ્તુતઃ નોખા નથી. નૈષ્કર્મ વિના મુક્તિ નથી. કર્મબંધનમાંથી મોક્ષ પામ્યા સિવાય નિર્વાણ નથી.

જૈનધર્મના મુખ્ય સિદ્ધાંતો અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ છે, તે જ પ્રમાણે વેદમાં, બાઇબલમાં, જન્દ અવસ્તામાં કે કુરાનમાં પણ જુદી જુદી રીતે સંક્ષેપમાં અથવા તો ખુલ્લી રીતે તેને જ વિશેષતા આપી છે. નીતિ અને ચારિત્રને પણ દરેક ધર્મોમાં મુખ્ય ગણવામાં આવે છે.

વર્તમાનકાળમાં આપણે મોટે ભાગે ધર્મોના મૂળ સિદ્ધાંતથી અજ્ઞાત છીએ તેથી સમજ્યા વગરનો ધર્મ મોટે ભાગે પાળીએ છીએ "અહિંસા પરમો ધર્મઃ "–આ જૈનોનો મહામંત્ર છે. પણ આપણા માટે બીજી કોમોમાં એક કહેવત પ્રચલિત થઈ ગઈ છે કેઃ–" નાનાને પાળે અને મોટાને મારે ". આ ઘણાને ટીકારૂપ લાગે પણ જ્યારે એ સિદ્ધાંતો ઉપર વિચાર કરીએ ત્યારે ખબર પડે કે આપણે તેમાંનું કેટલે અંશે પાળીએ છીએ ?

નીતિ

ધર્મ નીતિદ્વારા અને સદાચારદ્વારા જીવનમાં મૂર્તિમંત થઈ શકે. નીતિ એ કલ્પી કાઢેલી વસ્તુ નથી પણ વ્યવહારમાં સૂક્ષ્મપણે ઓતપ્રોત થયેલી વસ્તુ છે. નીતિ જીવનના ઝરણને બાંધી મૂકનાર બાંધો નથી પણ જીવનના પ્રવાહને સુંદર રીતે સાચવનાર ને વહેવડાવનાર સૂક્ષ્મ શક્તિ છે. નીતિ વ્યવહારીઓનું બંધન નથી પણ સાચા વ્યવહારકુશળ લોકોના જીવનનું સત્વ છે. મનુષ્યના જીવનનો સનાતન નિયમ નીતિ છે. તે જડતા નથી પણ સતત ગતિ છે. હૃદયમાં તેની ઉત્પત્તિ છે, બુદ્ધિમાં એનું પોષણ છે. અને જીવનમાં તેની સફળતા છે. નાના મોટા સદ્ગુણોનો સમુદાય કે જે મનુષ્યના જીવનને અંતિમ ધ્યેય તરફ દોરી જાય છે તેને નીતિ કહી શકાય. દરેક મનુષ્યે નીતિમાન થવાને મથન કરવું જોઈએ.

ચારિત્ર

